ડી. પી. જરીવાલા
અપીલ અધિકારીશ્રી
અને મુખ્ય હિસાબનીશ

સુરત મહાનગર સેવાસદન
ગોરધનદાસ ચોખાવાલા માર્ગ,
મુગલીસરા, સુરત – ૩૯૫ ૦૦૩.

નં.એકા./આર.ટી.આઈ./ ૩૮
તા. ૧૯/૦૮/૨૦૧૪.

અપીલ અરજી નં.૪૬૬૪ તા.૧૧/૦૬/૧૪

**અરજદાર** : શ્રી ફકીરભાઈ સી. ચૌહાણ

**સામાવાળા** : ડે. એકા. અને જાહેર માહિતી અધિકારીશ્રી,

**–: ફરીયાદની હકીકત :–**

**વિષય** :– આર.ટી.આઈ. એકટ હેઠળ શ્રી ફકીરભાઈ સી.ચૌહાણની તા.૨૨/૦૨/૧૩નીઅરજી

**મુદ્દા નં.૧** :– ૧૮/૧૨/૧૧ ના રોજ યોજાયેલ મુખ્ય મંત્રીશ્રી ના સદભાવના મીશનના કાર્યક્રમમાં સુરતમહાનગરપાલિકાએ કઈ કઈ બાબતે કુલ કેટલો ખર્ચ કર્યો વિગેરે મુદ્દા નં.૧ થી ૩ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** : (૧) અરજદાર મજકુરની તા.૧૦/૪/૧૩ની અપીલ અરજી નં.૪૬૬૪
(૨) સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ– ગાંધીનગરનો પત્ર ફોલોઅપ/અપીલ/૪૬૬૪–૨૦૧૩/કોર્ટ – ૨ તા.૧૧/૦૬/૧૪

શ્રી ફકીરભાઈ સી. ચૌહાણ તા.૨૨/૨/૧૩ની અરજી થી ઉપરોકત વિષય અને સંદર્ભ બાબતે સમય મર્યાદામાં માહિતી ન મળવાથી નારજ થઈ એપેલેટ ઓફીસરને તા.૧૦/૪/૧૩ થી અપીલ કરવામાં આવેલ કરવામાં આવેલ છે. તથા અઠવા ઝોનના ડે એકા. અને જાહેર માહીતી અધિકારીના જવાબથી નારાજ થઈ ચીફ એકાઉન્ટન્ટ એકાઉન્ટ વિભાગને તા.૧૩/૫/૧૩ નારોજ અપીલ અરજી કરવામાં આવેલ છે. સદર અપીલ અરજી અપીલ અધિકારી અને મુખ્ય હિસાબનીશ ધ્વારા નં.એકા/એસ.આર/૧૩ તા.૨૧/૫/૧૩ થી અપીલ અધિકારી અઠવા ઝોનને તબદીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને અરજદારે તા.૩૦/૫/૧૩ના પત્ર થી " આ જાહેર માહિતી અધિકારીનો સુરત મહાનગરપાલિકામાં કયો હોદ્દો છે તેની જાણ કરી નથી. મને લાગે છે કે આપશ્રી આ માહિતી આપવાનું તાળી રહયા છો." જેના અનુસંધાને અપીલ અપીલઅધિકારી અને મુખ્ય હિસાબનીશશ્રીના પત્ર નં. એકા/એસ.આર/૨૧ તા.૬/૬/૧૩ થી અરજદારને "પત્ર નં.એકા/એસ/આર/૧૩ તા.૨૧/૫/૧૩ થી જાહેર માહિતી અધિકારી એમ.વી. કીનખાબવાલા નાયબ હિસાબનીશશ્રી સા.વે. (અઠવા )ઝોનને તબદીલ કરેલ અને હાલમાં તેઓના અપીલ અધિકારીશ્રી ધનસુખભાઈ એમ. પટેલ કાર્યપાલક ઈજનેરશ્રી સા.વે.(અઠવા)ઝોનને આજરોજ તબદીલ કરેલ છે. " તેવું જણાવવામાં આવેલ છે.

અરજદાર ધ્વારા તા.તા.૧૧/૭/૧૩ નારોજ આયોગ સમક્ષ તા.૨૨/૨/૧૩ની અરજી અંગે અપીલ અધિકારી તરફથી કોઈ નિર્ણય નહી મળવાથી બીજી અપીલ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને રાજય માહિતી આયોગ ધ્વારા તા.૧૮/૭/૧૩ના રોજ હુકમ કરી પ્રથમ અપીલનો નિર્ણય અવશ્ય કરવો તથા વિવાદીને માહિતી મળી જાય એ પણ શુનિશ્ચિત કરવા જણાવેલ છે.

આ સમયગાળા દરમ્યાન જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશ ધ્વારા પત્ર નં. એકા/આર.ટી.આઈ/ર૯ તા.૧૫/૭/૧૩થી અરજદારને માહિતી પુરી પાડવામાં આવેલ છે. જેમાં મુદૃા નં.ર બાબતે જણાવવામાં આવે છે કે સદ્ભાવના મિશનના કાર્યક્રમમાં સુરતના વિકાસના કામો અર્થે રૂા.૩૬૭.૩ર કરોડની રકમ તબકકાવાર સુરત મહાનગરપાલિકાને મળેલ છે. ગ્રાન્ટની વધુ રકમ માટે સુરત મહાનગરપાલિકા તરફથી રાજય સરકાર સાથે જરૂરી પત્રવ્યવહાર તથા / પરામર્શ પ્રગતિમાં છે.

આ બાબતે અરજદાર ધ્વારા તા.૧૪/૧૦/૧૩ના રોજ આયોગ સમક્ષ બીજી અપીલ કરેલ છે. જેના અનુસંધાને આયોગ ધ્વારા ફોલઅપ / અપીલ નં. ૪૬૬૪/ર૦૧૩ /કોર્ટ/ર બાબતે તા.૧૧/૬/૧૪ ના રોજ હુકમ કરી દિન–ર૦ માં ખુલાસો સહિતનો વિગત વાર અહેવાલ મોકલી આપવા જણાવેલ છે. જેના અનુસંધાને અપીલ અધિકારી અને મુખ્ય હિસાબનીશશ્રીના પત્ર નં. એકા/આર.ટી.આઈ/ ર૪તા. ર/૭/૧૪ થી તા.૯/૭/૧૪ ના રોજ સાંજે ૫.૦૦ કલાકે રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ હતી જે અનિવાર્ય સંજોગોને લઈ મુલતવી રહેતા અપીલ અધિકારી અને મુખ્ય હિસાબનીશશ્રીના પત્ર નં. એકા/આર.ટી.આઈ/૩૧ તા.૪/૮/૧૪ થી તા.૮/૮/૧૪ નારોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં જાહેર માહિતી અધિકારી અને અરજદાર હાજર રહયા હતા. જેમાં ''સદભાવના મિશનના કાર્યક્રમમાં શ્રીમાન મુખ્ય મંત્રીશ્રીએ સુરતના વિકાસ માટે સુરત મહાનગરપાલિકાને કેટલા રૂપિયાની ગ્રાંટ આપવાની જાહેરાત કરી તેની માહિતી મળેલ નથી. '' તેવી રજુઆત કરેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવેલ છે.

અરજદારની તા.રર/ર/૧૩ની અરજીથી માંગવામાં આવેલ માહિતી મુદૃા નં.ર ની નહીં પુરી પાડવામાં આવેલ માહિતી આર.ટી.આઈ. એકટની કલમ ૭**(૬) હેઠળ વિના મુલ્યે દિન**– ૭ માં પુરી પાડવા ડે.એકા. અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે.

અપીલ અધિકારી અને મુખ્ય હિસાબનીશ
સુરત મહાનગરપાલિકા

પ્રતિ ૧. ડે.એકા. અને જાહેર માહિતી અધિકારી હિસાબી વિભાગ પ્રતિ.... જાણ તથા અમલ માટે

પ્રતિ, શ્રી ફકીરભાઈ સી. ચૌહાણ ....

સા.ર. સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ– ગાંધીનગર પ્રતિ જાણ માટે.

અપીલ અરજી નં.૧૩૬ (સે.ઝોન)
તા. ૦૨ – ૦૭ –૨૦૧૩.
ફોન નં.૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૨૪૨૨૧૧૦

અરજદાર : શ્રી કાંતીભાઈ બી. કેળાવાલા

સામાવાળા :– નાયબ હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારી (હિસાબી વિભાગ)

ફરિયાદની હકીકત :–

વિષય :– આર. ટી. આઈ. એકટ હેઠળ શ્રી કાંતીભાઈ બી. કેળાવાલા,સુરતના એ આઈ. ડી. નં.૧૪૪ તા.૨૧–૦૫–૨૦૧૩નાં રોજ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનને પાઠવેલ આર. ટી. આઈ. એકટ હેઠળ આપશ્રી ધ્વારા તા.૨૧–૦૫–૨૦૧૩ની અરજીથી આર. ટી. આઈ. એકટ હેઠળ માહિતી પુરી પાડવા અન્વયે અરજી કરવામાં આવેલ છે. ઉકત અરજીના સંદર્ભે આપની અરજીના મુદ્દા નં.(૧) છઠ્ઠા પગાર પંચનો અમલ સુરત મહાનગરપાલિકામાં લાગુ પાડવામાં આવેલ છે તે બાબતે ડોકટર સહિતના સ્ટાફના બેઝીકની ગણતરી કરવા માટે બહાર પાડવામાં આવેલ પરિપત્ર / ફોર્મ્યુલા / ઓફિસ ઓર્ડરની પ્રમાણિત નકલ આપવા વિનંતી.(૨) તા.૧–૪–૨૦૦૪ થી પગારના ૫૦% મોંઘવારી ભથ્થુ (ડી.એ.) બેઝીક પગારમાં જોડી દેવામાં આવેલું કર્મચારીઓના કિસ્સામાં છઠ્ઠા પગાર પંચની ગણતરી કરતી વખતે નીચેના માંથી કયો બેઝીક ધ્યાને લીધેલો (અ) ફકત મુળ બેઝીક પગાર અથવા (બ) મૂળ બેઝીક + ૫૦% ડીએ. જોડીને, ઉપરોકત અ કે બ માંથી છઠ્ઠૃ પગાર પંચ લાગુ પાડવા જે બેઝીક ધ્યાને લીધેલ હોય તે અંગેની સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની પરિપત્ર, ઓફિસર ઓર્ડર કે સરકારશ્રીની ગાઈડ લાઈન્સની સહી સિકકાવાળી પ્રમાણિત નકલ આપશોજી.( ૩) ડોકટરોના કિસ્સામાં છઠ્ઠૃ પગાર પંચ મુજબ બેઝીક ફીક્ષ કરતી વખતે એલ.પી.પી.એ.નો સમાવેશ કરેલ છે કે કેમ? જો હા તો કઈ ગણતરીની ફોર્મ્યલાની વિગત આપશોજી. ના અનુસંધાને અત્રેના હિસાબી ખાતા પાસે ઉપલબ્ધ માહિતીનો જવાબ નીચે મુજબ છે.

સંદર્ભઃ– પ્રથમ અરજી નં.સીઝેડ/આરટીઆઈ/આઉટ નં.૧૦૭૩,અપીલ અરજી નં.૧૩૬ તા.૦૨–૦૭–૨૦૧૩.

આર. ટી. આઈ. એકટ હેઠળ શ્રી કાંતીભાઈ બી. કેળાવાલા,સુરતના એ આઈ. ડી. નં.૧૪૪ તા.૨૧–૦૫–૨૦૧૩નાં રોજ ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનને પાઠવેલ આર. ટી. આઈ. એકટ હેઠળ તા.૨૧–૦૫–૨૦૧૩ની અરજીથી આર. ટી. આઈ. એકટ હેઠળ માહિતી પુરી પાડવા અન્વયે અરજી કરવામાં આવેલ છે. જેની સામે અરજદારે તા.૦૨–૦૭–૨૦૧૩નાં રોજ નમૂનો–'જ' માં પ્રથમ અપીલ અરજી કરેલ જે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર સેન્ટ્રલ ઝોને નમૂનો 'ધ' પ્રથમ અપીલ અરજી

નં.સીઝેડ/આરટીઆઈ/આઉટ નં.૧૦૭૩ તા.૦૨–૦૭–૨૦૧૩ થી હિસાબી વિભાગ પ્રતિ પાઠવેલ જે અત્રે તા.૦૮–૦૭–૨૦૧૩નાં રોજ મળેલ.

સદર અરજીના સંદર્ભમાં હિસાબી વિભાગ ધ્વારા તા.૨૧–૦૬–૨૦૧૩નાં રોજ નં.એકા.આરટીઆઈ/૪ ધ્વારા માહિતી મેળવવા માટે જરૂરી ફી ભરવા જણવતો પત્ર પાઠવેલ. સદર પત્રના અનુસંધાને સદર પાર્ટી ધ્વારા સેન્ટ્રલ ઝોન ખાતે રસીદ નં.૧૯૧૮૬૨ તા.૦૬–૦૭–૨૦૧૩નાં રોજ રૂા.૨૮ ભરવા માં આવેલ. હિસાબી વિભાગ ધ્વારા તે જ દિવસે એટલે કે તા.૦૬–૦૭–૨૦૧૩નાં રોજ તેમના પ્રતિનિધિશ્રી બી. એફ. સુરતી ને રૂબરૂ માહિતી આપવામાં આવેલ છે.

સદર પાર્ટી ધ્વારા માહિતી મેળવતા પહેલા જ એટલે કે, તા.૦૨–૦૭–૨૦૧૩નાં રોજ સેન્ટ્રલ ઝોન ખાતે પ્રથમ અપીલ અરજી નં.૧૩૬ થી અપીલ કરેલ છે. હિસાબી વિભાગને સદર અપીલ તા.૦૫–૦૭–૨૦૧૩નાં રોજ તબદીલ કરવામાં આવેલ જે અત્રેના વિભાગને તા.૦૮–૦૭–૨૦૧૩નાં રોજ મળેલ છે.

હિસાબી વિભાગ ધ્વારા તા.૦૬–૦૭–૨૦૧૩નાં રોજ તેમના પ્રતિનિધિશ્રી બી. એફ. સુરતી ને રૂબરૂ માહિતી આપવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

ઉપરોકત અપીલના સંદર્ભમાં સદર પાર્ટીને અત્રેના વિભાગ ધ્વારા નં.એકા.આર.ટી.આઈ./૩૧ તા.૧૭–૦૭–૨૦૧૩નાં રોજ પત્ર પાઠવી તા.૩૧–૦૭–૨૦૧૩નાં રોજ બપોરે ૪.૦૦ કલાકે જરૂરી પુરાવા સહિત રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવેલ.

સદર પાર્ટી તે દિવસે ઉપસ્થિત રહેલ ન હતી.

જયારે નાયબ હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારીએ હાજર રહીને તેઓને પુછપરછ કરતાં તેઓએ જણાવેલ હતું કે " તેમના ધ્વારા સદર પાર્ટીને તા.૦૬–૦૭–૨૦૧૩નાં રોજ તેમના પ્રતિનિધિશ્રી બી. એફ. સુરતી ને રૂબરૂ માહિતી આપવામાં આવેલ છે. તેમ જણાવેલ તેમજ જરૂરી માહિતી તેમજ તેને લગતા સાધનિક પુરવા લઈને હાજર રહયા હતા. મુદ્દા નં.૧ થી ૩ની વિગત નીચે મુજબ છે.

| | વિગત | પ્રત્યુત્તર |
|---|---|---|
| ૧. | છઠ્ઠા પગાર પંચનો અમલ સુરત મહાનગરપાલિકામાં લાગુ પાડવામાં આવેલ છે તે બાબતે ડોકટર સહિતના સ્ટાફના બેઝીકની ગણતરી કરવા માટે બહાર પાડવામાં આવેલ પરિપત્ર / ફોર્મ્યુલા / ઓફિસ ઓર્ડરની પ્રમાણિત નકલ આપવા વિનંતી. | છઠ્ઠા પગાર પંચનો અમલ બાબતે રાજય સરકારના નાણાં વિભાગના જી.આર. ને ધ્યાને લઈ હિસાબી ખાતા ધ્વારા સાચા ફિક્ષેશન માટે સર્વિસ બુક મુજબના ડેટાની ચકાસણી કેવી કરવી તે અંગેની સમજણ આપતી માર્ગદર્શિકા અને પરિપત્ર બહાર પાડવામાં આવેલ હતી જેની કોપી આ સાથે સામેલ છે. |
| ૨. | તા.૧–૪–૨૦૦૪ થી પગારના ૫૦% મોંઘવારી ભથ્થુ (ડી.એ.) બેઝીક પગારમાં જોડી દેવામાં આવેલું કર્મચારીઓના કિસ્સામાં છઠ્ઠા પગાર પંચની ગણતરી કરતી વખતે નીચેના માંથી કયો બેઝીક ધ્યાને લીધેલો (અ) ફકત મુળ બેઝીક પગાર અથવા (બ) મૂળ બેઝીક + ૫૦% ડીએ. જોડીને<br>ઉપરોકત અ કે બ માંથી છઠ્ઠા પગાર પંચ લાગુ | આપશ્રીના ઉત્તરમાં ઉપર –૧ માં જણાવેલ માર્ગ દર્શિકાં સ્પષ્ટતા કરવામાં આવેલ છે. |

| | | |
|---|---|---|
| | પાડવા જે બેઝીક ધ્યાને લીધેલ હોય તે અંગેની સુરત મ્યુનિસિપલ કોર્પોરેશનની પરિપત્ર, ઓફિસર ઓર્ડર કે સરકારશ્રીની ગાઈડ લાઈન્સની સહી સિકકાવાળી પ્રમાણિત નકલ આપશોજી. | |
| ૩. | ડોકટરોના કિસ્સામાં છઠ્ઠા પગાર પંચ મુજબ બેઝીક ફીક્ષ કરતી વખતે એલ.પી.પી.એ.નો સમાવેશ કરેલ છે કે કેમ? જો હા તો કઈ ગણતરીની ફોર્મ્યલાની વિગત આપશોજી. | ડોકટરોના કિસ્સામાં છઠ્ઠા પગાર પંચ મુજબ બેઝીક ફીક્ષ કરતી વખતે એલ.પી.પી.એ.નો સમાવેશ કરવામાં આવેલ છે. જેની ગણતરીની ફોર્મ્યુલા ઉપર ૧ માં જણાવેલ માર્ગ દર્શિકામાં દર્શાવવામાં આવેલ છે. |

પરંતુ ઉપરોકત દિવસની સુનાવણીમાં અરજદાર કે તેમના પ્રતિનિધિ ઉપસ્થિત રહયા ન હતા.

હુકમ

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

''અરજદારની તા.૨૧–૦૫–૨૦૧૩ની અરજીથી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી ટી. પી. આરીવાલા તરફથી અરજદારને સંપૂર્ણ માહિતી પૂરી પાડવામાં આવેલ છે. તેમજ અપીલ તબકકે રજૂઆત કરવા તક આપવા છતાં અરજદારને માહિતી આપવા સુનિશ્ચિત બાદ કોઈ રજુઆત ન હોવાનું માનવા કારણ હોઈ અપીલ તબકકે કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અપીલ અરજી દફતરે કરવા હુકમ કરવામાં આવે છે.''

નં.એકા.આર.ટી.આઈ./ (જી. કે. પંડયા)
તારીખ :– – –૨૦૧૩. મુખ્ય હિસાબનીશ અને અપીલ
અધિકારી

સુરત મહાનરગપાલિકા.

પ્રતિ,
(૧) શ્રી કાંતિભાઈ બી. કેળાવાલા....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(૨) જાહેર માહિતી અધિકારી, અને નાયબ હિસાબનીશશ્રી ટી. પી. આરીવાલા પ્રતિ, ... જાણ સારું.

અપીલ અરજી નં.૩

તા.૨૭–૦૮–૨૦૧૩.

ફોન નં.૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૨૪૨૨૧૧૦

અરજદાર : શ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થી

સામાવાળા :– નાયબ હિસાબનીશ અને જાહેર માહિતી અધિકારી (હિસાબી વિભાગ)

ફરિયાદની હકીકત :–

વિષય :– આર. ટી. આઈ. એકટ હેઠળ શ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થી,સુરતના એ આઈ. ડી. નં.૭૧૦ તા.૨૯–૦૬–૨૦૧૩નાં રોજ મા. કમિશનરશ્રીને સંબોધીને પાઠવેલ આર. ટી. આઈ. એકટ હેઠળ મુદૃા નં.૧ થી ૩૬ માટે અરજી કરેલ.સદર અરજીના મુદૃા નં.૫ :– ''હીસાબી ખાતું કયા હુકમનાં આધારે ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટનાં રબર સ્ટેમ્પથી આવેલ લાખો રૂપિયાનાં બીલનું ચુકવણું કરે છે? તેની સર્ટીફાઈડ નકલ આપશો''ની માંગણી કરેલ છે.

સંદર્ભઃ– પ્રથમ અરજી નં.સીઝેડ/આરટીઆઈ/આઉટ નં.૧૬૦૯ અપીલ અરજી નં.૧૮૮ તા.૨૨–૦૮–૨૦૧૩.

શ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થી,સુરતના એ આઈ. ડી. નં.૭૧૦ તા.૨૯–૦૬–૨૦૧૩નાં રોજ જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને સંબોધતી અરજી સેન્ટ્રલ ઝોન ખાતે કરવામાં આવેલ. જેની સામે અરજદારે તા.૨૨–૦૮–૨૦૧૩નાં રોજ નમૂનો–'જ' માં પ્રથમ અપીલ અરજી કરેલ જે જાહેર માહિતી અધિકારી અને ડે. ઈજનેર સેન્ટ્રલ ઝોને નમૂનો 'ધ' પ્રથમ અપીલ અરજી નં.સીઝેડ/આરટીઆઈ/આઉટ નં.૧૬૦૯ તા.૨૨–૦૮–૨૦૧૩ થી હિસાબી વિભાગ પ્રતિ પાઠવેલ જે અત્રે તા.૨૩–૦૮–૨૦૧૩નાં રોજ મળેલ.

સદર અરજી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કોઈ માહિતી આપેલ હોવાનું જણાતું નથી તથા માહિતીના ઈન્કાર અંગે આર. ટી. આઈ. ની એકટની કલમ ૮,૯ કે ૧૧ હેઠળ અપવાદનું કોઈ કારણ જણાવેલ નથી.

સદર અરજીના મુદૃા નં.૫ :– ''હીસાબી ખાતું કયા હુકમનાં આધારે ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટનાં રબર સ્ટેમ્પથી આવેલ લાખો રૂપિયાનાં બીલનું ચુકવણું કરે છે? તેની સર્ટીફાઈડ નકલ આપશો''ની માંગણી કરેલ છે.

સદર અરજીના સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી કે. ટી. દેસાઈ ધ્વારા અપીલ તબકકે નીચે મુજબનો જવાબ રજુ કરેલ છે.

| મુદ્દા નં. ૧ થી ૩૬ પૈકી | માંગેલ માહિતી | પ્રત્યુત્તર |
|---|---|---|
| મુદ્દા નં.૫ | ''હીસાબી ખાતું કયા હુકમનાં આધારે ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટનાં રબર સ્ટેમ્પથી આવેલ લાખો રૂપિયાનાં બીલનું ચુકવણું કરે છે? તેની સર્ટીફાઈડ નકલ આપશો'' | હિસાબી ખાતા ધ્વારા આજ દિન સુધી ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટનાં રબર સ્ટેમ્પથી લાખો રૂપિયાનાં બીલનું કોઈ ચૂકવણું થયેલ હોય તેવુ જણાતુ નથી. |

સદર અરજીના સંદર્ભમાં જવાબ આપવાનો રહી ગયેલ હોય નીચે મુજબ નો હુકમ કરવામાં આવે છે.

## હુકમ

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

''અરજદારની તા.ર૯–૦૬–ર૦૧૩ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી મુદ્દા નં.૫ બાબતે જાહેર માહિતી અધિકારી અને નાયબ હિસાબનીશશ્રી કે. ટી. દેસાઈએ અરજદારને માહિતી પૂરી પાડેલ ન હોય આર. ટી. આઈ. એકટની કલમ ૭ (૬) હેઠળ વિનામૂલ્યે દિન–૭માં અપીલ તબકકે પૂરક વિગતોમાં જણાવેલ માહિતી પૂરી પાડવા જણાવવામાં આવે છે. ''

નં.એકા.આર.ટી.આઈ./
તારીખ :–ર૭–૦૮–ર૦૧૩.

(જી. કે. પંડયા)
મુખ્ય હિસાબનીશ અને અપીલ અધિકારી
સુરત મહાનગરપાલિકા.

પ્રતિ,

(૧) શ્રી નીરવ પ્રવિણચંદ્ર અવસ્થી, ૧૦/૧૮૪૮, એ, મહાલક્ષ્મી માતાની પોળ, સોની ફળીયા, સુરત.....તેઓની અપીલ અરજી અંગે ઉપરની વિગતેના હુકમ ધ્વારા કરવામાં આવેલ નિકાલ સબબ જાણ સારૂ.

(ર) જાહેર માહિતી અધિકારી, અને નાયબ હિસાબનીશશ્રી કે. ટી. દેસાઈ પ્રતિ, અરજદારને સંપૂર્ણ માહિતી દિન–પમાં વિનામૂલ્યે પૂરી પાડવા જાણ સારૂ..તેમજ તેની જાણ નીચે સહી કરનારને કરવાની રહેશે.